# મહિન્દ્રાએ ગ્લોબલ પોટેટો કોન્ક્લેવ ૨૦૨૦ એની પોટેટો ફાર્મિંગ ટેકનોલોજીની રેન્જ પ્રદર્શિત કરી

મહિન્દ્રા ફાર્મ ઇક્વિપમેન્ટ સેક્ટર તથા મહિન્દ્રા એગ્રિ સોલ્યુશન્સ લિમિટેડ અને વિશ્વની સૌથી મોટી સીડ પોટેટો કંપની એક્ષ્ભ હોલ્ડિંગ ગ.સ. વચ્ચેનું સંયુક્ત સાહસ મહિન્દ્રા એક્ષ્ભ પ્રાઇવેટ લિમિટેડે ભારતમાં ગાંધીનગરમાં ગ્લોબલ પોટેટો કોન્ક્લેવ ૨૦૨૦ સહભાગી થયા હતા. મહાત્મા મંદિરમાં આયોજિત સીપીઆરઆઈ શિમલા દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ પોટેટો કોન્ક્લેવનું આયોજન ૨૮-૩૧ જાન્યુઆરી, ૨૦૨૦ વચ્ચે થયું હતું, જેમાં તમામ ખેડૂતો માટે ખુલ્લું હતું.

કોન્ક્લેવમાં મહિન્દ્રા એક્ષ્ભ (એક્ષ્ભ)એ બટાટાનાં ૬ નવીન જાતનાં બિયારણોનું પ્રદર્શન કર્યું હતું, જેમાં કોલોમ્બા, મેમ્ફિસ, ટોરસ, સેગિટ્ટા, આઇવરી રસ્સેટ અને ઇન્નોવેટર સામેલ હતી, જે ભારતમાં બટાટાનાં ખેડૂતોને વધારે ઉત્પાદન, વધારે સારી કિંમતો અને ગુણવત્તા સાથે મદદરૂપ થશે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડમાં એગ્રિ સેક્ટરનાં પ્રેસિડન્ટ અશોક શર્માએ કહ્યું હતું કે, મહિન્દ્રા ભારતીય કૃષિમાં વૈશ્વિક કક્ષાના સોલ્યુશન પ્રસ્તુત કરવામાં હંમેશા પથપ્રદર્શક રહી છે. અત્યારે અમને ભારતીય ખેડૂતોને બટાટાની આંતરરાષ્ટ્રીય સ્તરની છ વિવિધ જાતો પ્રસ્તુત કરવાનો ગર્વ છે. અમને ખાતરી છે કે, આ નવા પોર્ટફોલિયો સાથે અમે બટાટાનાં ખેડૂતોને ભારતીય ગ્રાહકો પાસેથી વધારે ભાવ મેળવવાની સાથે ભારતમાંથી ગુણવત્તાયુક્ત, પ્રોસેસિંગ માટે ઉપયોગી બટાટા મેળવવા માટે પ્રોસેસર્સ અને ફૂડ કંપનીઓને મદદ મળશે.